એપોલો સર્કલ પર નમુનારૂપ બ્રિજ તૈયાર કરવા વિદેશથી કેબલ મંગાવાશે

જંકશન ફ્રી ના અભિગમ સાથે આગામી દિવસોમાં અન્ડર પાસ બનાવવા પણ વિચારણા : કેબલ સ્ટેઇડ બ્રિજના નિર્માણનુ કામ વર્ષ ૨૦૨૩માં પુર્ણ કરી દેવાશે : ટ્રાફિકની અવરજવર સરળ અને ઝડપી બનશે

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગર થી અમદાવાદને જોડતા માર્ગ પર ટ્રાફિકનુ ભારણ વધ્યુ છે. જેને અનુલક્ષી અસે જી હાઈવે પર વિવિધ જંકશન પર ફલાય ઓવર તૈયાર કરી દેવાયા છે. બીજીતરફ ચ-૦ થી ઈન્દિરાબ્રિજ જતા માર્ગ પર એપોલો સર્કલ પર પણ કેબલ સ્ટેઈડ બ્રિજ તૈયાર કરવામાં આવશે. આ નમુનારૂપ બ્રિજના નિર્માણ માટે વિદેશથી કેબલ મંગાવાશે. જયારે આ બ્રિજનુ કામ આગામી વર્ષ ૨૦૨૩માં પુર્ણ કરી દેવાશે. બ્રિજ તૈયાર થતા વડોદરા સહીત અમદાવાદ જતા ટ્રાફિકની અવરજવર સરળ અને સલામત બનશે જો કે બ્રિજ નીચે અન્ડર પાસ બનાવી આ વિસ્તાર જંકશન ફ્રી કરવા માટે પણ વિચારણા હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાં પણ હવે મેગાસીટીની જેમ ટ્રાફિકનો ધમધમાટ જોવા મળે છે. વાહનોની સંખ્યા વધતા દિવસ દરમિયાન માર્ગો પર ટ્રાફિકની સતત અવરજવર રહે છે. આ સ્થિતિ વચ્ચે ટ્રાફિક નિયમનનો જરૂરી અમલ જરૂરી છે તેવી જ રીતે માર્ગોને અપગ્રેડ કરવાની પણ અનિવાર્યતા છે. શહેરમાં પણ વિવિધ માર્ગો પર અન્ડર પાસ તૈયાર કરવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત એસ જી હાઈવે પર વિવિધ જંકશનને અનુલક્ષી ફલાય ઓવરનુ નિર્માણ કરી દેવાયુ છે. શહેરમાં ટ્રાફિક વધવાની સાથે ગાંધીનગર અમદાવાદ સાથે જોડાયેલા માર્ગ પર પણ આખો દિવસ ટ્રાફિકથી ભરચક જોવા મળી રહ્યા છે. વિવિધ જંકશન પર ટ્રાફિક જામ પણ થાય છે. ચ-૦ થી ઈન્દિરાબ્રિજ વચ્ચેના માર્ગ પર એપોલો સર્કલને અનુલક્ષીને પણ ફલાય ઓવર તૈયાર કરવામાં આવી રહ્યો છે. કેબલ સ્ટેડ બ્રિજનુ નિર્માણ કરવામાં આવી રહ્યુ છે. જંકશન પર રોજબરોજ ટ્રાફિક જામ થાય છે. જેના લીધે આ વિસ્તારમાં બ્રિજ બનાવાનો નિર્ણય લેવાયો છે. અંદાજિત ૧.૪ કી મીના આ બ્રિજના નિર્માણનુ કામ છેલ્લા છ મહીનાથી ચાલી રહ્યુ છે. આ પ્રોજેકટ અન્વયે અંદાજિત રૂ ૧૧૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જો કે આ કેબલ સ્ટેડ બ્રિજનુ કામ આગામી વર્ષ ૨૦૨૩ માં પુર્ણ થશે. જેના લીધે રીંગ રોડના ટ્રાફિકને નડતી અડચણો દુર થશે. બ્રિજ નિર્માણને અનુલક્ષી વિદેશથી કેબલ મંગાવામાં આવશે જેથી આ બ્રિજનુ આઈકોનિક બનશે. બ્રિજ નીચેથી પણ ટ્રાફિકની અવરજવર સરળ બનશે.

જો કે આગામી દિવસોમાં આ વિસ્તારને જંકશન ફ્રી કરવાનુ પણ આયોજન કરાયુ છે. જેને અનુલક્ષી નીચે પણ અન્ડરપાસ બનાવવા માટે વિચારણા હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગર સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધી રહ્યુ છે ત્યારે શહેરમાં પણ મુખ્ય માર્ગો પર અન્ડર પાસ બનાવવા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આ ઉપરાંત સેકટરોના અપ્રોચ માર્ગ પણ ફોરટ્રેક કરવામાં આવી રહ્યા છે. ત્યારે ગાંધીનગર અમદાવાદ વચ્ચે ટ્રાફિકની અવરજવર ઝડપી અને સરળ બને તે માટે ટ્રાફિકથી ઘેરાયેલા વિવિધ જંકશન પર તબકક્કાવાર ઓવરબ્રિજ બનાવવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી રહી છે.

શહેરના વન આરક્ષિત વિસ્તારમાં ઝુંપડાના દબાણોનો રાફડો

ચ-૦ થી ગ-૦ વચ્ચેના રૂટમાં દબાણો વધ્યા : વન વિસ્તાર નજીક સ્થિત રહેણાંકના લીધે રહીશો પણ પરેશાન : વન વિસ્તારની ફેન્સીંગ પણ તુટેલી : કેટલાક ઠેકાણે કોર્મશિયલ દબાણ પણ વધતા જાય છે

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગર વન આરક્ષિત વિસ્તારમાં હાલ મોટાભાગના વિસ્તારમાં ફેન્સીંગ તુટી ગયેલી હાલતમાં છે. જેના લીધે વન આરક્ષિત વિસ્તારમાં ગમે ત્યારે રખડતા ઢોર અને ગંદકીના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. બીજીતરફ વન આરક્ષિત વિસ્તારમાં દબાણો પણ વધી ગયા છે. છેલ્લા ઘણાં સમયથી વનતંત્ર દ્વારા દબાણો પણ દુર કરાયા નથી જેના લીધે વન વિસ્તારમાં ઝુંપડાવાસીઓએ અડ્ડો જમાવ્યો છે. જેના લીધે ગંદકી સહીતની અન્ય સમસ્યાઓ પણ પેચીદી બની છે. શહેરના ઉભા આડા માર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત વિસ્તારને નિખારવા માટે અનેકવાર આયોજન કરવામાં આવે છે. જયારે સમયાંતરે ફેન્સીંગની જાળવણીનુ કામ પણ હાથ ધરવામાં આવે છે. પરંતુ છેલ્લા ઘણાં સમયથી વન વિસ્તારની ફેન્સીંગ તુટેલી જોવા મળે છે. વન વિસ્તારમાં હરિયાળી પણ આકર્ષણ ગુમાવી રહી છે. ત્યારે શહેરમાં પાણીની નવી લાઈન નાંખવા માટે પણ કેટલાક ઠેકાણે આ

● અનુસંધાન પાન-૭ પર

ભરતી મેળો..! - છેલ્લા એક અઠવાડિયાથી આમ આદમી પાર્ટી અને કોંગ્રેસમાં તાલુકાકક્ષાથી લઈને રાજ્યકક્ષા સુધીના કાર્યકરો અનુક્રમે પોતાનો પક્ષ છોડીને કેસરીયો ધારણ કરી રહ્યા છે. વર્ષોના વર્ષ સુધી ભાજપને ભાંડનારા કમલમ પહોંચવાની હરીફાઈમાં ઉતર્યા હોય એમ કલાકે કલાકે ખેસ પહેરાવવાના કાર્યક્રમો સમાચાર માધ્યમોમાં સતત વહેતા રહ્યા છે. સંતો-મહંતો, વક્તાઓ-પ્રવક્તાઓને કોણ જાણે કેમ એકાએક ભાજપ વ્હાલુ કેમ થવા માંડ્યુ એની ચર્ચાઓ પણ ચોરેચૌટે થાય છે. જે હોય તે કોંગ્રેસ કડડભૂસ થઈ રહી છે અને ભાજપનો ભરતીમેળો પૂરબહારમાં ખીલી રહ્યો છે.

જિલ્લા પંચાયતના ભાજપના સભ્યોની પ્રિ-બજેટ બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લા પંચાયતના વર્ષ-૨૦૨૨-૨૩ના અંદાજપત્રને આખરી ઓપ આપવાની કવાયત પૂર્વે પંચાયતના ભાજપના સભ્યોની એક બેઠક આજે જિલ્લા ભાજપના પ્રમુખ અનિલભાઈ પટેલની ઉપસ્થિતિમાં મળી હતી.

આ બેઠકમાં અંદાજપત્રની વિવિધ જોગવાઈઓને લઈ ચર્ચા થઈ હતી બીજુ પંચાયતની આવકમાં થયેલ ઘટાડા પછીની આર્થિક સ્થિતિ અંગે પણ વિસ્તૃત ચર્ચાઓ થઈ હતી.

પંચાયતના વહીવટમાં કરકસરની નીતિને અગ્રતા આપવા સાથે સરકારમાંથી વધુ ગ્રાન્ટ ઉપલબ્ધ થાય તે માટેની રણનીતિ તૈયાર કરવા પર પણ ભાર મુકવામાં આવ્યો હતો.

જિલ્લામાં ચોમાસા દરમ્યાન વરસાદની રહેલી ૨૧ ટકા જેટલી ઘટ પછી પીવાના પાણી તેમજ કૃષિ તેમાંય ખાસ કરીને પ્રાકૃતિક ખેતી અને તેની વિવિધ યોજનાઓ સંદર્ભે, ગ્રામીણ વિસ્તારના માર્ગોના મરામતની કામગીરીને વેગ મળે તે માટેના પ્રયાસો કરવાને લઈ વિસ્તૃત ચર્ચાઓ થઈ હતી. શિક્ષણ, આરોગ્ય માટે પણ વધુ ધ્યાન કેન્દ્રીત કરવાનો મુદ્દો ચર્ચાયો હોવાનું જાણવા મળેલ છે.

કુપોષણ મુક્તિ અભિયાન સઘન બનાવવા તેમજ જિલ્લામાં ગરીબલક્ષી કાર્યક્રમોના અમલીકરણનું સઘન અભિયાન

● અનુસંધાન પાન-૭ પર

બે વર્ષ બાદ શાળાઓ બાળકોનો કલશોરથી ગુંજી ઉઠી હતી. કોરોનાના કેસો સાવ ઓછા થઈ જતાં શાળાઓ શરૂ થઈ ચૂકી છે. તમામ વર્ગો ઓફલાઈન શરૂ થઈ જતાં બાળકો સ્કૂલે પહોંચ્યા હતા. શાળાઓની બહાર બાળકોને લેવા-મુકવા આવતા વાલીઓના ટોળાં જામ્યા હતા. સેકટર-૮ સ્થિત સેન્ટ ઝેવિયર્સ સ્કૂલની બહાર ટ્રાફિકજામના દશ્યો સર્જાયા હતા.

ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડ

કોર્પોરેટ ઓળખ નંબર: L40200GJ1998SGC035188

રજિસ્ટર્ડ ઓફિસ : જીએસપીસી ભવન, ઉદ્યોગ ભવન પાછળ, સેકટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૦ **ટેલિ.:** +૯૧-૭૯-૬૬૭૦૧૦૦૧/૨૩૨૬૮૫૦૦
ફેક્સ: +૯૧-૭૯-૨૩૨૬૮૫૦૬, **વેબસાઇટ:** www.gspcgroup.com **ઇમેઇલ:** investors.gspl@gspc.in

પોસ્ટલ બેલેટની નોટિસ

આથી કંપનીના સભ્યોને નોટિસ આપવામાં આવેછે કે, કંપની ધારા, ૨૦૧૩ (''કાયદો'') ની કલમ ૧૦૮ અને ૧૧૦ ને કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) નિયમો, ૨૦૧૪(''નિયમો'') ના નિયમ ૨૦ અને ૨૨ તથા સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડીયા (લિસ્ટીંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રીક્વાયરમેન્ટસ્) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ (''સેબી લિસ્ટીંગ રેગ્યુલેશન્સ'')ના રેગ્યુલેશન્સ ૪૪, સામાન્ય સભા માટેનાં સચિવીય ઘોરણો-૨ ('એસ.એસ.-૨') લાગુ પડતા સુધી અન્ય કાયદા અને નિયમનોની લાગુ પડતી જોગવાઈઓ અન્વયે તથા કોર્પોરેટ બાબતોનાં મંત્રાલય દ્વારા જારી કરાયેલા સામાન્ય ઠરાવો પસાર કરવા બાબતનાં સામાન્ય પરિપત્ર નં.૧૪/૨૦૨૦ તારીખ ૦૮મી એપ્રિલ,૨૦૨૦, સામાન્ય પરિપત્ર નં.૧૭/૨૦૨૦, તારીખ ૧૩મી એપ્રિલ, ૨૦૨૦, સામાન્ય પરિપત્ર નં.૨૨/૨૦૨૦, તારીખ ૧૫મી જુન, ૨૦૨૦, સામાન્ય પરિપત્ર નં.૩૩/૨૦૨૦, તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૨૦, સામાન્ય પરિપત્ર નં.૩૯/૨૦૨૦, તારીખ ૩૧મી ડિસેમ્બર, ૨૦૨૦, સામાન્ય પરિપત્ર નં.૧૦/૨૦૨૧, તારીખ ૨૩મી જુન, ૨૦૨૧ અને સામાન્ય પરિપત્ર નં.૨૦/૨૦૨૧, તારીખ ૦૮મી ડિસેમ્બર, ૨૦૨૧ (''એમસીએ પરિપત્રો'') અને સમયાનુસાર સુધારણા કરાયેલ (કોઈપણ વૈધાનિક ફેરફારો અથવા તે સમય માટે તેના પુનઃઅધિનિયમ સહિત સમયાંતરે સુધારા કર્યા મુજબ અમલમાં છે) તે લાગુ પડતા અન્ય કાયદા અને નિયમનો ની સાથે વાંચતા અને તે અનુસાર નીચે જણાવ્યા પ્રમાણે ઠરાવો પસાર કરવા માટે ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડ (''કંપની'') દ્વારા તેના સભ્યોની માત્ર ઈ-વોટિંગ પોસ્ટલ બેલેટ પ્રક્રિયા દ્વારા (''ઈ-વોટિંગ'') મંજુરી માંગેલ છે;

ક્રમ નં.	વર્ણન
૧.	શ્રી તપન રે, આઈ.એ.એસ.(નિવૃત) (DIN: ૦૦૭૨૮૯૮૨) ની ખાસ ઠરાવ દ્વારા કંપનીના સ્વતંત્ર ડાયરેક્ટર તરીકે નિમણુંક
૨.	શ્રી જે.પી.ગુપ્તા, આઈ.એ.એસ. (DIN: ૦૦૧૯૫૨૮૨૧) ની સામાન્ય ઠરાવ દ્વારા કંપનીના ડાયરેક્ટર તરીકે નિમણુંક

આથી ઉપરોક્ત જોગવાઇઓ અને એમસીએ પરિપત્રોનાં પાલનમાં, પોસ્ટલ બેલેટ નોટિસ (''નોટિસ'') ની ઈલેક્ટ્રોનિક નકલો અને સ્પષ્ટીકરણ નિવેદન સોમવાર, ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ, જે સભ્યોનાં નામ સભ્યોનાં રજીસ્ટરમાં/ લાભદાયી માલિકોની સુચિમાં બુધવાર, ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૨૨ ના રોજ કામકાજના સમયની સમાપ્તિ સમયે સામેલ હતા અને જેમના ઈ-મેલ આઈડી કંપનીનાં આર એન્ડ ટીએ / ડિપોઝીટરી સહભાગીઓ સાથે નોંધાયેલા છે, તે સભ્યોને મોકલવામાં આવી છે. ઉપરોક્ત એમસીએ પરિપત્રો અનુસાર, સભ્યો ફક્ત ઈ-વોટિંગ પ્રક્રિયા દ્વારા જ મતદાન કરી શકે છે. વધુમાં, ઉપરોક્ત એમસીએ પરિપત્રોના અનુસંધાનમાં નોટિસની ફીઝીકલ નકલો, પોસ્ટલ બેલેટ ફોર્મ્સ અને પ્રી-પેઇડ બિઝનેસ જવાબના પરબિડીયા મોકલવાની જરૂરિયાત પુરી પાડવામાં આવી છે.

વધુમાં નોટિસ કંપની ની વેબસાઇટ એટલે કે www.gspcgroup.com, સ્ટોક એક્ષચેન્જની વેબસાઇટ એટલે કે બીએસઈ લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્ષચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ અનુક્રમે www.bseindia.com, www.nseindia.com પર અને સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસિઝ (ઈન્ડીયા) લિમિટેડ (CDSL) ની વેબસાઇટ www.evotingindia.com ઉપલબ્ધ છે.

ઇ-વોટિંગ માટેની સુચના :

કંપની ધારા, ૨૦૧૩ (''કાયદો'') ની કલમ ૧૦૮ અને ૧૧૦ ને કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) નિયમો, ૨૦૧૪(''નિયમો'') ના નિયમ ૨૦ અને ૨૨ તથા સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડીયા (લિસ્ટીંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રીક્વાયરમેન્ટસ્) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ (''સેબી લિસ્ટીંગ રેગ્યુલેશન્સ'')ના રેગ્યુલેશન્સ ૪૪, નું પાલન કરતા તે અનુસાર કંપની દ્વારા તેના સભ્યોને ઈલેક્ટ્રોનિક રીતે માત્ર ઈ-વોટિંગ દ્વારા મતદાન કરવાની સવલત સીડીએસએલ દ્વારા પ્લેટફોર્મ પુરૂ પડાયેલ છે. ઈ-વોટિંગની વિગતવાર પધ્ધતિ નોટિસમાં પુરી પાડેલ છે. નોટિસમાં નક્કી કરેલ ઠરાવો પર ઈલેક્ટ્રોનિક રીતે મત આપવાની વિગતવાર પ્રક્રિયા અને ઈ-વોટિંગની સુચના નોટિસનાં ''નોંધ'' વિભાગમાં પુરી પાડેલ છે તેનો સંદર્ભ લેવા સભ્યશ્રીઓને વિનંતી.

કંપનીએ ઈ-વોટિંગ દ્વારા પોસ્ટલ બેલેટ પ્રક્રિયા ન્યાયી અને પારદર્શક રીતે હાથ ધરવા માટે સ્કુટિનાઈઝર તરીકે મે. મનોજ હુર્કત એન્ડ એસોસીએટ્સ ના ભાગીદાર શ્રી મનોજ હુર્કત ની નિમણુંક કરેલ છે.

પોસ્ટલ બેલેટનું પરિણામ શુક્રવાર, ૨૫મી માર્ચ, ૨૦૨૨ ના રોજ જાહેર કરવામાં આવશે. સ્કુટિનાઈઝર નાં અહેવાલ સહિતનું પરિણામ કંપનીની વેબસાઇટ www.gspcgroup.com, સ્ટોક એક્ષચેન્જની વેબસાઇટ અનુક્રમે www.bseindia.com, www.nseindia.com પર અને સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસિઝ લિમિટેડ (CDSL) ની વેબસાઇટ www.evotingindia.com જોઈ શકાશે.

કંપની ધારો, ૨૦૧૩ની જોગવાઇઓ અને નિયમો ની વિગતો નીચે આપેલ છે:

- ઈ-વોટિંગ શરૂ થવાની તારીખ અને તેનો સમય : મંગળવાર, ૨૨મી ફેબ્રુઆરી, ૨૦૨૨ ના રોજ સવારે ૯.૦૦ વાગ્યે.
- ઈ-વોટિંગ પુરૂં થવાની તારીખ અને તેનો સમય : બુધવાર, ૨૩મી માર્ચ, ૨૦૨૨ ના રોજ સાંજના ૦૫.૦૦ વાગ્યે.
- ઉપરોક્ત તારીખ અને સમય બાદ ઈ-વોટિંગની મંજુરી અપાશે નહી.
- ઈ-વોટિંગની લાયકાતની યોગ્યતા ની કટ-ઓફ-તારીખ બુધવાર, ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૨૨ છે.
- જે સભ્યોનાં નામ સભ્યોનાં રજીસ્ટરમાં / લાભદાયી માલિકોની સુચિમાં બુધવાર, ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૨૨ ના રોજ કામકાજના સમયની સમાપ્તિ સમયે સામેલ હોય તેઓ જ ઈ-વોટિંગ સવલત માટે લાયક થશે. જે વ્યક્તિ કટ-ઓફ-તારીખે સભ્ય ન હોય તેઓએ આ નોટિસ માત્ર જાણ ખાતર ગણવી.
- સભ્ય એકવાર ઠરાવો પર મતદાન કરી દે ત્યારબાદ સભ્યને તેનો મત બદલવા કે ફરીથી મત આપવા દેવાશે નહીં.
- સભ્યોને સીડીએસએલ ની ઈ-વોટિંગ પદ્ધતિને લગતા કોઈ પ્રશ્નો / ફરિયાદ હોયતો તે બાબતે શ્રી રાકેશ દળવી, સિનીયર મેનેજર, સેન્ટ્રલ ડિપોઝીટરી સર્વિસ (ઇન્ડીયા) લિમિટેડ, એ વિન્ગ, ૨૫મો માળ, મેરેથોન ફયુચરેક્ષ, મફતલાલ મિલ કમ્પાઉન્ડ, એન.એમ.જોષી માર્ગ, લોઅર પરેલ (ઇસ્ટ), મુંબઈ-૪૦૦૦૧૩ નો સંપર્ક કરવો અથવા ઈ-મેઈલ આઈડી helpdesk.evoting@cdslindia.com: પર મેઈલ કરવો અથવા (૦૨૨-૨૩૦૫૮૫૪૨ /૪૩) ઉપર ફોનથી સંપર્ક કરવો.
- સીડીએસએલ અને એનએસડીએલ જેવી ડિપોઝિટરી મારફત ડીમેટ મોડ માં સિક્યુરિટી ધરાવતા વ્યક્તિગત શેરધારકોએ લોગ-ઈન ને લગતા કોઈપણ ટેકનીકલ મુદ્દા માટે નીચે મુજબ હેલ્પ ડેસ્કનો સંપર્ક કરવો :

લોગ-ઇન નો પ્રકાર	હેલ્પ ડેસ્કની વિગત
સીડીએસએલ પાસે ડીમેટ મોડમાં સિક્યોરીટી ધરાવતા વ્યક્તિગત શેરધારકો માટે	લોગ-ઈન ને લગતા કોઇપણ ટેક્નિકલ પ્રશ્નો બાબતે સભ્યોએ સીડીએસએલ હેલ્પ ડેસ્ક પર helpdesk.evoting@cdslindia.com મેઈલ મોકલી ને અથવા ૦૨૨-૨૩૦૫૮૭૩૮ અને ૦૨૨-૨૩૦૫૮૫૪૨/૪૩ને ફોન કરીને સંપર્ક કરવો.
એનએસડીએલ પાસે ડીમેટ મોડમાં સિક્યોરીટી ધરાવતા વ્યક્તિગત શેરધારકો માટે	લોગ-ઈન ને લગતા કોઇપણ ટેક્નિકલ પ્રશ્નો બાબતે સભ્યોએ એનએસડીએલ હેલ્પ ડેસ્ક ઉપર evoting@nsdl.co.in મેઈલ મોકલી ને અથવા ટોલફ્રી નંબર ૧૮૦૦ ૧૦૨૦ ૯૯૦ અને ૧૮૦૦ ૨૨ ૪૪ ૩૦ ઉપર ફોન કરીને સંપર્ક કરવો.

ઈ-મેઈલ આઈડી / મોબાઈલ નંબર નોંધાવવાની / અપડેટ કરાવવાની રીત :

કંપનીના આર એન્ડ ટીએ / ડિપોઝીટરી સહભાગી પાસે ઈ-મેઈલ આઇ-ડી નોંધવવાની / અપડેટ કરાવવાની રીત

- જે સભ્યો ફીઝીકલ મોડમાં શેર ધરાવે છે અને અને જેઓએ તેમનાં ઈ-મેઈલ આઈ-ડી કંપની નાં આરએન્ડટીએ પાસે નોંધાવેલ નથી તેઓએ તેમનાં નીચે જણાવેલ દસ્તાવેજો einward.ris@kfintech.com ઉપર ઈ-મેઈલથી મોકલીને અથવા કંપનીના રજીસ્ટ્રાર એન્ડ શેર ટ્રાન્સફર એજન્ટ જેવા કે KFin Technologies Private Limited ('KFintech') ને લખીને નોંધાવી શકેછે.
  (એ) તમારુ નામ, ફોલીઓ નંબર, પુરું સરનામું અને ઈ-મેઈલ આઈડી દર્શાવતી તમારી સહી કરેલ એક વિનંતી પત્ર,
  (બી) પાન કાર્ડની સ્વ-પ્રમાણીત સ્કેન્ડ કોપી અને
  (સી) કંપનીની પાસે સભ્યોનાં નોંધાયેલ સરનામાંના આધાર માટે કોઈ પણ એક દસ્તાવેજ (જેવા કે ડ્રાઈવીંગ લાઈસન્સ, પાસપોર્ટ) ની સ્વ-પ્રમાણિત સ્કેન્ડ કોપી.
- ડીમેટ મોડમાં શેર ધરાવતા શેરહોલ્ડર્સને તેમનાં ઈ-મેઈલ એડ્રેસ ડીપોઝીટરી પાર્ટીસીપન્ટ પાસે અપડેટ કરાવવા વિનંતી.

ડિપોઝીટરી સહભાગી પાસે મોબાઇલ નંબર નોંધવવા :

- બીન-વ્યક્તિગત ડીમેટ શેરધારકો માટે : આપના જે તે ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ પાસે આપનો મોબાઇલ નંબર નોંધાવવા વિનંતી.
- વ્યક્તિગત ડીમેટ શેરધારકો માટે: ડિપોઝિટરી મારફત ઈ-વોટિંગ કરતી વખતે આપના જે તે ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ પાસેજ આપનો મોબાઇલ નંબર નોંધાવવા ફરજીયાત હોવાથી મોબાઈલ નંબર અપડેટ કરવા વિનંતી.

ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમીટેડ વતી,
સહી /-
રાજેશ્વરી શર્મા
કંપની સેક્ટરી એન્ડ કોમ્પ્લાયન્સ ઓફિસર

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૨

શહેરમાં કોરોનાના કેસોમાં આંશિક વધારો ગ્રામ્યમાં સતત કેસોની સંખ્યામાં ઘટાડો...

શહેરમાં ૧૬ કેસ નોંધાયા : સરગાસણમાં ૩, સે. ૨, ૧ અને કુડાસણમાં ૨-૨ કેસ, ગાંધીનગર તાલુકામાં બે કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરમાં કોરોનાના કેસોમાં આંશિક વધારો થયો છે જો કે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસોમાં સતત ઘટાડો જોવા મળ્યો છે. શહેર-જિલ્લામાં આજે કોરોનાના ૧૮ નવા કેસ નોંધાયા છે.

શહેરમાં કોરોનાનો કહેર હજુ શમ્યો નથી. જો કે આજે કેસોની સંખ્યામાં આંશિક વધારો થતાં તંત્રની ચિંતા વધી છે. શહેરમાં કોરોનાના આજે ૧૬ કેસ નોંધાયા છે જયારે ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના ૨ કેસ નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ગાંધીનગર તાલુકાના સરઢવ અને ઉવારસદ ગામેથી એક-એક કેસ મળી આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે ગઈકાલની તુલનામાં વધુ ૪ કેસ નોંધાયા છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૩ મહિલા દર્દી, ૪ દર્દી ૬૦ વર્ષથી વધુ વયના તેમજ ૨ દર્દી ૧૧ થી ૨૦ વર્ષની વયજૂથનાનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં બધા દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં કોરોનાના માઈલ્ડ લક્ષણો ધરાવતા દર્દીઓ મળી રહ્યા હોવાથી દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરી રહ્યાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. સંક્રમણની સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનું પણ આ સૂત્રોએ સ્વીકાર્યુ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં સરગાસમમાં ૩, કુડાસણ, સે. ૧ અને સે. ૨ માં ૨-૨ કેસ નોંધાયા છે. આ ઉપરાંત સુઘડ, રાંદેસણ, રાયસણ, પેથાપુર, સે. ૨૮, ૨૧, ૩૦ માંથી કેસો મળી આવ્યા છે.

શહેરમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રએ જણાવ્યુ છે કે આજે ૨૫ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આજે શહેરમાં ૧૪૫ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

આપની આસપાસના
● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●

આપના પોતાના અખબારમાં પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી

અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો

વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com

ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૦૫૭૧

નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.

સરગાસણમાં દુકાનો માટે નિયત કરાયેલા કિંમતી પ્લોટને ગુડાએ કબજા મુક્ત કરાવ્યો

પ્લોટ વેચવાની પેરવી થઇ હતી ત્યારે કોઇ પાર્ટીએ ગુડામાં તપાસ કરતા હકીકત સામે આવી હતી : ગુડા કોર્પોરેશને પોલીસતંત્રને સાથે રાખી વિશાળ અને કીંમતી પ્લોટનો કબજો લીધો : સરખેજ હાઇવેને જોડતો માર્ગ પણ ખુલ્લો કર્યો

ગાંધીનગર તા ૨૧

સરગાસણમાં દુકાનો માટે નિયત કરાયેલો પ્લોટ બારોબાર વેચી મારવાની પેરવી થઈ હતી આ દરમિયાન સમગ્ર હકીકત ગુડા સમક્ષ ધ્યાને આવતા ગુડા અને હવે કોર્પોરેશન વિસ્તારમાં સમાવિષ્ટ આ વિશાલ અને કીંમતી પ્લોટનો કબજો પોલીસ તંત્રની હાજરીમાં મેળવી લીધો હતો. સાથોસાથ સરખેજ હાઈવેને જોડતા માર્ગને પણ ખુલ્લો કરવાની કામગીરી હાથ ધરી હતી. ૧૮ મીટરની પહોળાઈનો ૧ કી મી નો માર્ગ ખુલ્લો થતા ટ્રાફિકના મામલે પણ હવે આ વિસ્તારમાં રાહત થશે.

ગુડા દ્વારા સરગાસણ વિસ્તારમાં દુકાનો માટે નિયત કરાયેલો મોટો પ્લોટ બારોબાર વેચાઈ જવાની પેરવી થઈ હોવાનુ ધ્યાને આવ્યુ હતુ જયારે આ મુદ્દે રસ ધરાવતી પાર્ટીએ ગુડામાં તપાસ કરતા સમગ્ર મામલો સામે આવ્યો હતો. જયારે ૧૨૦ કરોડની કીંમતના આ પ્લોટ સંદર્ભે હકીકત સામે આવતા ગુડા તેમજ કોર્પોરેશનની હદના આ વિસ્તારમાં તંત્રના અધિકારીઓએ સ્થળ પર પહોંચ્યા હતા જયારે સંઘર્ષ થાય તેવી સ્થિતિ માલુમ પડતા આ મામલે પોલીસ ફોર્સને પણ જાણ કરવામાં આવી હતી. પોલીસ તંત્રને સાથે રાખી અંદાજિત ૯૪૮૨ ચોરસ મીટરની આ જગ્યાનો કબજો લઈ લેવાયો હતો. આ દરમિયાન સ્થળ પર હાજર કોઈ વ્યકિતએ ગુડા અને કોર્પોરેશનને કોર્ટમાં લઈ જવાની ચિમકી પણ આપી હતી. સરગાસણ વિસ્તારમાં રહેણાંક માટે નિયત કરાયેલા ૧૯૨ નંબરના ૪૮૭૯ ચોરસ મીટરના પ્લોટનો કબજો ગુડાએ મેળવી લીધો હતો. જયારે આ દરમિયાન સરખેજ હાઈવેને જોડતા માર્ગને પણ ખુલ્લો કરવાની કામગીરી પણ કરી દેવામાં આવી હતી. અંદાજિત ૧ કી મીની લંબાઈ અને ૧૮ મીટરની પહોળાઈ ધરાવતો આ માર્ગ ખુલ્લો થતા ટ્રાફિકને લગતી સમસ્યા હલ થશે ટ્રાફિકની અવરજવરમાં પણ સરળતા રહેશે. આ મામલે ગુડાના અધિક કલેકટરે જણાંવ્યુ હતુ કે

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com